CC NO- 44 / 2026

## –:: આંક–૦૧ હેઠળ હુકમ ::–

(૧) આરોપી સામેના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીએ તેમના કબ્જા ભાગવટાનું વાહન ટ્રાફીકને અડચણ રૂપ થાય તેમ ભયજનક રીતે રોડ પર પાર્ક કરી બી.એન.એસ. કલમ–૨૮૫ મુજબનો ગુન્હો કરેલ છે.

(૨) સદર કામે ગુનાની ફરીયાદ અને ચાર્જશીટના પેપર્સ ધ્યાને લેવામાં આવે તો આ કામે આરોપીને પોલીસ તપાસના કાગળો મળેલાની ખાત્રી કર્યા બાદ સદર કામે આરોપી વિરુદ્ધ બી.એન.એસ. કલમ–૨૮૫ મુજબના ગુનાનું તહોમત હોય, આરોપીની પ્લી લેતાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવે છે. આરોપી તરફથી થી કબુલાત પુરશીષ રજુ રાખતા જે ધ્યાને લઈ આરોપીને ગુનાની મહત્તમ તથા ન્યુનતમ સજાની જોગવાઈઓનું તેમજ તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેવી સમજ આપવામાં આવેલ છે. આમ છતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે રાજીખુશીથી ગુનો કબુલ રાખેલ છે.

(૩) આરોપીની વય, કોર્ટ સમક્ષ દયાની માંગણી અને કેસના સંજોગો લક્ષમાં લેતા જો આરોપીને વધુ સજા કરવામાં આવે તો તેના ઉપર નિર્ભર તેનુ કુટુંબ રઝળી પડે તેમ છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે, આરોપી ગુનામાં અગાઉ સંડોવાયેલ છે તેવો રેકર્ડ ઉપર કોઈ પુરાવો નથી, નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.પેજ નં.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર ના કેસમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોઈ તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ નીચેની અદાલતમાં કાયદામા નક્કી કરેલી જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની મેજીસ્ટ્રેટને સત્તા છે. આમ, સદરહું ચુકાદાના પાના નંબર ૭૨૧ ઉપર પેરા નં. ૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોક્ત ચુકાદો હાલના આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાઈ છે, જેથી આરોપીની સ્થિતિ, સંજોગો ને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ મહત્તમ સજા કરતા ન્યુનત્તમ સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાઈ આવે છે જેથી ઓછામાં ઓછી સજા તથા દંડ કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**CC NO- 44 / 2026**

## <u>–:: હુકમ ::–</u>

ત્હોમતદારોને બી.એન.એસ.કલમ–૨૮૫ મુજબના ગુન્હા સબબ તક્સીરવાર ઠરાવી **રૂ.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા)** દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડ ના ભરે તો **દિન–૦૨** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તા.૧૧ મી, માહે, જુલાઈ સને–૨૦૨૬** ના રોજ યોજાયેલ રાષ્ટ્રીય લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૧૧/૦૭/૨૦૨૬
દયાપર–કચ્છ

**(હરપ્રિત સિંઘ)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
દયાપર–કચ્છ